## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*આ ચૂંટણીની કાલિમાથી સૌને રંગી નાખો!*
*પ્રચારની પીચકારીથી સૌને રંગી નાખો!*
*ભાંગી નાખો લોકોને આનંદ-ઉત્સવ વિના -*
*કોરોના ચેપના ભયથી સૌને રંગી નાખો!*
*(સરકારી ગાઈડલાઈનનો રંગોત્સવ)*

હાઈકુ

*પ્રચાર પાપે -*
*પડી ગયો છે 'કાળો'*
*નેતાનો રંગ!*

*છે નેતૃત્વની*
*આ બે જવાબદારી -*
*સત્તાના જંગે...*

### ચિંતન

*અજાતં જાયતે યસ્માદજાતિઃ પ્રકૃતિસ્તતઃ ।*
*પ્રકૃતેરન્યથાભાવો ન કંથચિદ્ભવિષ્યતિ ॥*

ઉપરોક્ત શ્લોક વેદાન્ત દર્શનમાંથી લેવામાં આવેલ છે.

અજન્મા (ચિત્તક્ષ નો જ જન્મ થાય છે, તેથી અજાતિ જ એની પ્રકૃતિ છે. પ્રકૃતિની વિપરીતતા કોઈ પણ પ્રકારે ન થઈ શકે.

અજાત ચિત્ત જે વાસ્તવાં અજાત બ્રહ્મ જ છે, તેને વાદીઓ જન્મ માનેલું માને છે. આમ તેમના કહેવાનો અર્થ થાય કે જે અજમ્યા હતું તે જન્મ લે છે! હવે જેનો સ્વભાવ જ અજન્મા હોય તે કેવી રીતે જન્મ લઈ શકે. જે પ્રકૃતિ હોય તેનો અન્યથા ભાવ ક્યારેક શક્ય નથી, નહીં તો તેને 'પ્રકૃતિ' કે 'સ્વ-ભાવ' કહી જ ન શકાય. 'અજાતિ' એ ચિત્તની પ્રકૃતિ છે. એટલે ચિત્તના જન્મની કલ્પના અજ્ઞાન મૂલક છે. વળી અજાત ચિત્ત કશાનું કારણ ન બની શકે, કારણ કે જો તે કારણ બને - અર્થાત્ તે કાર્યને પેદા કરે - તો તેની અજાત - પ્રકૃતિમાં અન્યથા ભાવ પેદા થયો કહેવાય. અને પ્રકૃતિમાં કોઈ પ્રકારનો અન્યથાભાવ કદી શક્ય નહીં.

### સુવિચાર

- મનુષ્યના ગુણ કે અવગુણ એની વાણીથી જાણી શકાય છે - **શેખ સાદી**
- ખોટા સમયે ખરો આવે વિચાર, બસ એ જ આપણે માટે છે 'સુવિચાર' - **એસ. ભટ્ટાચાર્ય**
- ચરિત્ર અગર કપડોં સે તય હોય તો કપડોં કી દુકાન મંદિર કહલાતી - **પાર્થ સારથી**
- કર્તવ્ય એટલે નહીં સોંપાયેલા કાર્યને ફરજ સમજી સભાનતા પણે જવાબદારી પૂર્વક શ્રેષ્ઠતાથી પૂર્ણ કરવું - **એન્થની ડી મેલો**
- જેને ઉઘાડો પગે ચાલવાનું છે તેણે કાંટા વાવવા ન જોઈએ - **સ્કોટલેન્ડની કહેવત**
- વિનય, વિવેક, નિરવ્યવસની રહે, પરધન, પરસ્ત્રી ન ખપે લગાર, સાથે આત્મ અભિમાન જે તજે, તે નરને સત્પુરુષ તું જાણ - **દાદા ભગવાન**
- આજનું ઔષધ : ઉમરાનું દૂધ જખમ પર લગાડવાથી રુઝ ઝડપથી આવે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક સૂફી સંત તેમના એક અનુયાયી સાથે જંગલમાંથી પસાર થઈ રહ્યા હતા. નમાઝનો સમય થયો. સૂફી સંત પોતાના સાથે એક મેલા કાપડને બિછાવીને નમાઝ પડવા માંડ્યા. નમાઝ ચાલુ હતી તે દરમિયાન એક સિંહ આવી ચડ્યો. નમાઝ પઢી રહેલા સંતની ચારેબાજુ તેણે પરિક્રમા કરી. પણ સૂફી સંત જરાય ચલિત થયા વગર નમાઝ પડતા રહ્યા. આ દરમિયાન પેલો અનુયાયી તો સિંહને જોઈને ઝાડ પાછળ લપાઈને જોઈ રહ્યો હતો. સિંહ થોડીવારમાં વિદાય થયો. સંતે નમાઝ પૂર્ણ કરી. પેલો અનુયાયી બહાર આવ્યો અને સંત સાથે જંગલમાં ચાલવા લાગ્યો. થોડે આગળ જતાં એકબીજા સિંહે સામે આવી ચડ્યો. સિંહને જોઈને સંત અને પેલો અનુયાયી બંને ઝાડ પાછળ કાપતાં કાપતાં છુપાઈ ગયાં. સંતને થરથરતા જોઈને અનુયાયીને નવાઈ લાગી. થોડીવારમાં સિંહ પરત ફર્યો અને ફરી સંત અને અનુયાયી જંગલ પસાર કરવા ચાલવા લાગ્યા. થોડીવાર પછી અનુયાયીએ પૂછ્યું, 'હજૂર, પ્રથમવાર આપ નમાઝ પઢતા હતા ત્યારે સિંહ આવ્યો ત્યારે આપ જરા પણ ભયભીત થયા વગર નમાઝ પઢતા રહ્યા. એ જોઈને મને તમારા અનુયાયી હોવા પર ગર્વ થયો. પણ બીજી વાર સિંહ આવ્યો ત્યારે આપ મારી જેમ ડરી ગયા અને ઝાડીમાં છુપાઈ ગયા. આ વાત મને સમજાતી નથી.' સુફી સંતે જવાબમાં કહ્યું, 'નમાઝ પડતો હતો ત્યારે મારી સાથે ખુદા હતા. પણ બીજી વાર સિંહ મળ્યો ત્યારે તું મારી સથે હતો. ખુદાનો સંગ માનવીને નિર્ભય બનાવે છે જયારે માનવીનો સંગ માનવીને ભયભીત કરી મૂકે છે.' 'અનુયાયીને ગુરુના જવાબથી સંતોષ થયો.'

# રાજયો માટે કોરોના પ્રત્યે નાકાબંધી અનિવાર્ય બની

**તંત્રીસ્થાનેથી...**

હોળી - ધૂળેટીના પર્વને સાવ ફિક્કું બનાવી દઈ કોરોનાએ એનું પોત પ્રકાશી દીધું છે. વિવિધ રાજયોએ રઘવાયાં થઈ પોતપોતાની સરહદો કડક ચોકીપહેરો ગોઠવી દીધો છે. માઉન્ટ આબુ કે રાજસ્થાનમાં જવા માગતા ગુજરાતી સહેલાણીઓ માટે આરટીપીસીઆર ટેસ્ટ ફરજિયાત કરાયો છે. એ સર્ટિફિકેટ વગર રાજસ્થાનમાં પ્રવેશ કરી શકાશે નહીં. મહારાષ્ટ્ર સરકારે પણ આવાં નિયંત્રણો લાદી દીધાં છે. સામાન્ય રીતે ગુજરાતી સહેલાણીઓ વસંત ઋતુ અને ગ્રીષ્મ ઋતુ દરમિયાન ઉત્તર ભારતના પ્રવાશે નીકળી પડતાં હોય છે. વળી અત્યારે હરિદ્વારમાં કુંભમેળો ચાલતો હોઈ ધાર્મિક આસ્થા ગુજરાતીઓને ગંગાજીમાં ડૂબકી મારવા પ્રેરિત કરે તે સ્વાભાવિક છે. પરંતુ ગુજરાતમાં વધી રહેલા કોરોનાના કેસ જોતાં બધાં જ રાજયો ગુજરાતી સહેલાણીઓથી ડરવાં લાગ્યાં છે. આરટીપીસીઆર ટેસ્ટ નેગેટિવ આવ્યા વગર કોઈ ગુજરાતીઓને પ્રવેશ આપવા તૈયાર નથી. નેપાળની સરહદ પર જ ગુજરાતી પ્રવાસીઓને કાઠમંડુ અને ખોખરા જતા અટકાવાયા છે. હવે ગુજરાત સરકાર પણ અન્ય રાજયોમાંથી ગુજરાતમાં પ્રવેશતા પ્રવાસીઓ માટે આવી તકેદારી રાખવા કૃતસંકલ્પ બની છે. એવી તકેદારી જરૂરી પણ છે.

ગુજરાત માટે જ નહીં, તમામ રાજયો માટે કોરોના સામે નાકાબંધી અનિવાર્ય બની ગઈ છે. અત્યારે કોરાનાનો ભયંકર વાવર ચાલી રહ્યો છે. જેમાં ઘેર ઘેર 'હોમ કોરન્ટાઈન' થયેલ દરદીઓની સંખ્યા તો સરકારી ચોપડે નોંધાતી જ નથી. મહારાષ્ટ્ર, કર્ણાટક અને છત્તીસગઢની જેમ ગુજરાત હવે કોરોનાના બીજા રાઉન્ડમાં હોટસ્પોટ બની રહેલ છે. આવી વિકટ સ્થિતિમાં રાજસ્થાન અને ઉત્તરપ્રદેશના કે ભારતનાં અન્ય રાજયોમાંથી ગુજરાતમાં રોજી રોટી રળવા આવતાં મજૂરો હોળીનો તહેવાર ઊજવવા પોતાના વતનની વાટ પકડે ત્યારે બે બાજુથી તકલીફ ઊભી થાય. માંડ પાટે ચડેલું અર્થતંત્ર ફરી પાછું ખાડે જવાની સંભાવના સરજાય અને એ લોકોને આરટીપીસીઆર ટેસ્ટ વગર તો એમના 'હોમ સ્ટેટ' માં પ્રવેશ જ ન મળે. આવી સ્થિતિમાં માનવી માનસિક તનાવનો ભોગ ન બને તો જ નવાઈ. ઘણા વેપારીઓએ ધંધો રોજગાર લોકડાઉન દરમિયાન બંધ થઈ જતાં આત્મહત્યાનું પગલું ભર્યું હતું. કોરોનાના બીજા દોરમાં આત્મહત્યા ઉપરાંત જઘન્ય હત્યાકાંડ જેવી ઘટનાઓ બનવા લાગી છે. ઘરઘાટીની દાનત બગડે છે અને તે વયોવૃદ્ધ ઘરમાલિકની કરપીણ હત્યા કરી લૂંટફાટ કરીને ભાગી જાય છે. પંજાબના ખેડૂતોના ત્રણ મહિનાથી પણ વધુ લાંબા ચાલતા કહેવાતા સત્યાગ્રહમાં પણ હવે હિંસાનું નવું પરિણામ ઉમેરાયું છે. ભાજપના ધારાસભ્ય પર કરાયેલ હુમલો એનું તાજું ઉદાહરણ છે. આખરે માનવીનું મન એક સીમિત સહનશક્તિથી ઉપરવટ જતાં ન કરવાનું કરી બેસે છે, તે કોરોનાની બીજી વેવની કારમી ફલશ્રુતિ છે. હોલિકાદહન સાથે 'કોરોનાદહન' થઈ જાય એવું પ્રાર્થીઓ જરૂર - પણ પ્રકૃતિ કોપે છે ત્યારે આવી વેવલી પ્રાર્થનાઓને અતિક્રમી જઈ એ એનું રક્ત તાંડવ ખેલીને જ જંપે છે.

# ૨૦૨૧માં જંત્રીના દર કે પ્રિમિયમમાં વધારો નહી થાય

## છેલ્લા ૧૦ વર્ષમાં ગુજરાતમાં જંત્રી યથાવત

**કાયદો અને કાનૂન**
**અશ્વિન ત્રિવેદી**

વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખી ગુજરાત સરકારે નાણાકીય વર્ષ ૨૦૨૧માં જંત્રીના દરમાં કે પ્રિમિયમમાં કોઈ જ વધારો ના કરવાનું ઠરાવ્યું છે. જુની શરતની જમીનમાં ૪૦% પ્રિમિયમ, ૫% સ્ટેમ્પ ડ્યુટીનો દર યથાવત રાખવા નિર્ણય કરતા રીયલ એસ્ટેટ ક્ષેત્રમાં આનંદની લાગણી પ્રસરી છે. તેમજ એફ.એસ.આઈ. ઉપર પણ ૪૦% નો દર યથાવત રાખવાનો નિર્ણય કરતા બાંધકામ ક્ષેત્રમાં તેજી આવશે.

સુપ્રિમ કોર્ટમાં પબ્લીક લીટીગેશનમાં દક્ષિણ ગુજરાતના કિસ્સાને જંત્રીના ભાવ વધારવા અંગે અરજી કરતા જણાવ્યું હતું કે, છેલ્લા ૧૦ વર્ષમાં ગુજરાતમાં જંત્રીના દર વધ્યા નથી. પરિણામે ખેડૂતોને સરકારી પ્રોજેક્ટો માટે સંપાદિત થતી જમીનમાં વળતર મેળવવામાં ખાસ્સી નુકશાની ભોગવવી પડે છે.

૨૦૧૮માં કન્ટ્રોલર ઓફ ઓડિટર જનરલ(કેગ)ના રિપોર્ટ પ્રમાણે જંત્રીના ભાવ ના વધારવાના કારણે રાજયની મહેસૂલી આવકને મોટું નુકશાન પહોચ્યું છે, પરંતુ સંવેદનશીલ સરકારે કોરોના કાળમાં પ્રજા ઉપર વધારે બોજો ના મુકવાનો નિર્ણય કરી જંત્રીના ભાવ યથાવત રાખતા છેલ્લા ૧૦ વર્ષમાં જંત્રીના ભાવો યેનકેન પ્રકારે વધારો થતો નથી, જેનો ભોગ સંપાદિત થતી જમીનના ખેડૂતોને બનવું પડે છે, પરંતુ સરવાળે રિયલ એસ્ટેટમાં તેજી વર્તય છે. એ.એસ.આર. (એન્યુઅલ શિડયુઅલ ઓફ રેટ) ના કડક અમલીકરણનું સૂચન કરવામાં આવ્યું છે. અગાઉ ૨૦૧૬માં વિધાનસભાની પબ્લીક એકાઉન્ટ કમિટિએ પણ જંત્રીના દર વ્યવહારિક અભિગમ દાખવી સુધારવાની ભલામણ કરતા જણાવ્યું હતું કે, પ્રવર્તમાન જંત્રીના દર અને કોમર્શિયલ દરમાં જમીન આસમાનનું અંતર જોવા મળે છે અને પરિણામે બ્લેક એન્ડ વ્હાઈટ ફેક્ટર વધે છે. જેના કારણે બે નંબરમાં ચૂકવણી વધારે થાય છે. જેના કારણે રાજયની મહેસૂલી આવકમાં ઘટાડો જોવા મળે છે.

સમિતિએ રાજયમાં જંત્રી-ઓથોરિટીની રચના કરવા તથા મહારાષ્ટ્ર મોડલની માફક કોમ્પીરીટીવ માર્કેટનો અભિગમ અપનાવી દર વર્ષે જંત્રીના દરમાં રિવિઝન કરી ઓનલાઈન ઈ-સ્ટેમ્પીંગની પધ્ધતિ અપનાવવા સૂચન કરેલ છે. જે મુજબ ગુજરાતમાં છેલ્લે ૧૯૯૯, ૨૦૦૭, ૨૦૧૦માં જંત્રીના દરમાં સુધારો કરવામાં આવ્યો હતો. ત્યારબાદ જંત્રી કે પ્રિમિયમની રકમમાં કોઈ જ વધારો કરવામાં આવ્યો નથી. સરવાળે સરકારી ચોપડે જમીનના ભાવો વધતા નથી અને માર્કેટ ભાવો આકાશને આંબે છે. જેનો ભોગ સંપાદિત જમીનના માલિકોને બનવું પડે છે. જ્યારે બિલ્ડર લોબીને ગર્ભિત ફાયદો થાય છે.

ગુજરાત સરકારના મહેસૂલ વિભાગે જંત્રીના દર રિવિઝન કરવા માટે પ્રોપર ફોર્મ્યુલા અંગે સર્વેક્ષણ શરૂ કરેલ છે. જેમાં આઠ મહાનગર પાલિકા ઉપરાંત કયા કયા વિસ્તારમાં જંત્રીના ભાવોમાં વધારો કરી શકાય તેમજ રેશનલાઈઝ થઈ શકે તે શક્યતા ની ચકાસણીનો આરંભ કરેલ છે, પરંતુ ક્રેડાઈ, ગ્રોહેડ જેવી બિલ્ડર સંસ્થાઓના પ્રતિનિધિઓ વારંવાર બજેટ દરમ્યાન જંત્રીના ભાવો ના વધે તે માટે સતત રજુઆતો કરતા હોય છે.

બિલ્ડર લોબીની રજુઆત છે કે, સરકાર દ્વારા વ્યવહારિક અભિગમ ના દાખવવામાં આવે તો કોરોના કાળમાં મંદીનું ગ્રહણ લાગી જશે. જેના પગલે એફોર્ડેબલ બાંધકામ યોજનાઓમાં મધ્યમ વર્ગને ભાવ વધારાનો ભોગ બનવું પડશે.

હાલમાં રીયલ એસ્ટેટ ક્ષેત્ર એ સૌથી મોટી ઈન્ડસ્ટ્રીઝ છે. જેમાં મજૂર વર્ગને રોજગારી મળે છે તથા મધ્યમ વર્ગના ઘરના ઘરનું સપનું પુરૂં થાય છે. તેવા સમયમાં એ જંત્રીનો ભાવ વધારો કરવામાં આવે તો રીયલ એસ્ટેટમાં મંદીના મોજાનો ભય ઉભો છે. આ ક્ષેત્રને ફટકો ના પડે તે માટે સરકારે ૨૦૨૧માં જંત્રી તથા પ્રિમિયમનાં દરોમાં કોઈ જ વધારો કરેલ નથી. ગુજરાતમાં ફોરેન ઈન્વેસ્ટમેન્ટ, ઔદ્યોગિક મૂડી રોકાણ રીયલ એસ્ટેટમાં ઈન્વેસ્ટમેન્ટનો ટ્રેડ હાલમાં વ્યાપક પ્રમાણમાં વધ્યો છે. જો આ ક્ષેત્રમાં ભાવ વધારો કરવામાં આવે તો માર્કેટમાં પણ જમીનના ભાવો આસમાને જાય તો સંભવિત મંદીની અસર જોવા મળે અને રિયલ એસ્ટેટ બેસી જાય તેવી સંભાવના હોય હયાત પડતર ઈન્વેન્ટરીનું ભારણ પણ બિલ્ડરો ઉપર ના વધે તે માટે સરકારે જનહિતાય નિર્ણય લઈ જંત્રીના કે પ્રિમીયમ ના ભાવો તથા એફ.એસ.આઈ. ની કિંમતમાં કોઈ જ વધારો કરેલ નથી. અર્થવ્યવસ્થાની ગાડી પૂરપાટ દોડે તથા રિયલ એસ્ટેટમાં વધારે રોજગારી મળે તથા જી.ડી.પી. દરમાં રિયલ એસ્ટેટ થકી દરમાં વધારો નોંધાયેલ તથા આગામી ચૂંટણીમાં પણ સરકારને આનો લાભ મળે તેવા તમામ પાસાને વિચારી હાલમાં જંત્રીના ભાવોમાં વધારો કરવામાં આવ્યો નથી.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
info@trivediassociates.in

# વીણતા રહ્યાં ખુશી જિંદગીભર, ખોબા ભરી ભરી રહી બેખબર....

**WhatsApp ઑફ ધી વીક**
**નેહલ ગઢવી**

**હતું કેટલું ગુમાન જ્ઞાન નું,**
**હવે ફરી પ્રકૃતિથી ડરીએ!**
**કર્યો અતિરેક કેટલો સૌએ,**
**કુદરત કહે તે સમજીએ!**

**-મેહુલ ભટ્ટ**

આધુનિકતાના અતિરેકથી થતા નુકસાન અને તેના કારણે થતી ગંભીર અસર સમાજજીવનને અસ્તવ્યસ્ત કરી નાખશે એવી ભીતિ આજે સતત સેવાઈ રહી છે. આપણે સૌ કોઇ આ બાબત સાથે સંમત છીએ અને તેના દ્વારા થનારા ગંભીર નુકસાનોથી પણ વાકેફ છીએ. પરંતુ, આ બધી બાબતો માત્ર રોગનું નિદાન થયું હોવાનું સૂચવે છે ! આપણને કોઇ રોગ થાય ત્યારે બિમારીના નિદાનમાત્રથી રોગનું શમન કઇ રીતે થઇ શકે ? રોગ-નિવારણ માટે યોગ્ય કાળજી તેમજ જરુરી સારવારની દિશામાં આપણે આગળ વધવું જોઇએ. પુખ્તવયની સમજદાર વ્યક્તિથી લઇને વયોવૃદ્ધ વડીલો સુધીની તમામ વ્યક્તિઓ સમાજજીવનને લાગુ પડેલી આ ગંભીર માંદગીથી વાકેફ છે જ ! માત્ર જરુર છે હવે આ રોગને જડમૂળથી નાબૂદ કરવાની, તેની યોગ્ય સારવાર કરવાની તેમજ તે દિશામાં કોઇ નક્કર પગલાં ભરવાની !

આધુનિકતા આપણા પર સવાર ન થઇ જાય તે માટે સૌપ્રથમ આપણે આ આધુનિક ઉપકરણોની ગુલાબીમાંથી આઝાદ થવું પડશે ! હા, જરુરી હોય ત્યારે ચોક્કસ તેની મદદ લેવી પડે એ સમજી શકાય એવી બાબત છે. પણ નાની-નાની બાબતોથી આ અંગે જાગૃતિ લાવી શકાય. જેમ કે, આજકાલ બાળકો તેમજ યુવાનો નજીકમાં નજીકના સ્થળે પહોંચવા માટે પણ સાઇકલના બદલે એક્ટિવા કે બાઇક પર જતા હોય છે. તો તેમાં થોડું પરિવર્તન કરીને જયારે થોડો સમય મળે ત્યારે નજીકના સ્થળોએ કે મિત્રોના ઘરે સાઇકલ વાપરીએ તો પૈસાની બચત તો ખરી જ સાથોસાથ શારીરિક તંદુરસ્તીમાં પણ વધારો કરીએ તો કયારેક વાહન ન હોય તો પણ આપણે નિર્ધારીત સ્થળે સાઇકલ પર થાક્યા વિના પહોંચી શકીશું. આ બાબત બાળકો તેમજ યુવાનો માટે જ નહિ પરંતુ, ૪૦ વર્ષની નજીક તથા શરીરને સપ્રમાણ રાખવા માટે મોંઘાદાટ સ્લીમિંગ સેન્ટર્સ તેમજ જીમમાં જનારા સ્ત્રી-પુરુષો માટે પણ એટલી જ ફાયદાકારક છે ! ગાંધીનગર તો ખૂબ સુવ્યવસ્થિત રીતે રચાયેલું શહેર છે અને તેમાંય પાટનગર હોવાને કારણે અહીંના રસ્તાઓ પર સાઇકલ ચલાવવું એ એક લ્હાવો જ ગણાય ! તો જેઓ ગાંધીનગરમાં જ કામ કરતા હોય તે જેઓને ૫-૧૦ કિ.મી.ના નજીકના અંતરે જ પોતાના કાર્યસ્થળે પહોંચવાનું હોય તેઓ સ્વૈચ્છિક રીતે સપ્તાહમાં એક વાર કે મહિનામાં બે-ત્રણ વખત જો કાર કે ટુ-વ્હીલરને બદલે સાઇકલનો ઉપયોગ કરે તો ધીરે-ધીરે સાઇકલ ચલાવવી એ પણ એક મોર્ડન ટ્રેન્ડ અને ફેશન સ્ટેટમેન્ટ તરીકે પ્રચલિત થઇ શકશે ! ને ઘણા વર્ષો સુધી ગુજરાતના પ્રધાનપદને સંભાળી રહેલા બહાદુરભાઇ કુંથાભાઇ પટેલની સાદગીનો એક પ્રસંગ આદરણીય અરુણ બૂચે ટાંક્યો છે તે મુજબ ''એકવાર વલસાડ જિલ્લાના વાંસદા તાલુકાના નવતાડ ગામે વન વિભાગ દ્વારા વનીલ ઉદ્યોગનું સ્થાપન કેન્દ્ર શરુ થવાનું હતું. કેન્દ્રની મુલાકાતના કાર્યક્રમમાં તે સમયના મુખ્યમંત્રી માધવસિંહ સોલંકી સાથે વનમંત્રી અમરસિંહ ચૌધરી જોડાયેલા હતા. તે સમયે બહાદુરભાઇ પટેલને જોઇને માધવસિંહ ભાઇએ પૂછ્યું, ''આપ અહીં કેવી રીતે આવ્યા ? તથા આપનું ગામ કેટલું દૂર ?'' ત્યારે બહાદુરભાઇએ સ્વાભાવિક રીતે જ જવાબ આપ્યો, ''ભાઇ, હું તો વાંસદાથી મારી સાઇકલ ઉપર વનીલ આવ્યો છું. જે ૧૫ કિ.મી. થાય.'' ૭૦ વર્ષની ઉંમરે ૧૫ કિ.મી. આવવું અને જવું એ જાણીને ઉપસ્થિત સર્વે સાનંદ આશ્ચર્યચકિત થઇ ગયા. જાહેર જીવનમાં પ્રસિદ્ધ હોય તેમજ સફળ હોય તેવી વ્યક્તિઓ જો આ પ્રકારનું સાદગીપૂર્ણ જીવન જીવે તો અન્યને પણ તે મુજબ વર્તન કરવાની પ્રેરણા ચોક્કસપણે મળશે જ ! ડૉક્ટર હોય, વકીલ હોય, શિક્ષક હોય કે બેંકમાં કામ કરતી વ્યક્તિ હોય - આ સર્વે પોતાના કલીગ સાથે નક્કી કરીને અઠવાડિયામાં એકાદ વખત ચાલીને કે સાઇકલ લઇને ઓફિસમાં કે પોતાના Workplace પર જાય તો ધીરે ધીરે આ બાબત આપણા જીવનમાં એક ટેવ સ્વરુપે વણાઇ જશે !

અન્ય એક ગંભીર બાબત છે આપણા સાંસ્કૃતિક મૂલ્યો પર પાશ્ચાત્યકરણની ઊંડી અસર ! પશ્ચિમી સંસ્કૃતિનું આંધળું અનુકરણ કરવા જતાં ઘણીવાર આપણે અત્યંત કફોડી પરિસ્થિતિમાં મૂકાઇ જતાં હોઇએ છીએ ! આપણે સ્ત્રીઓને જીન્સ પહેરવાની કે એકલા ફરવા જવાની તથા નોકરી કરવાની છૂટ તો આપી પણ હજુ સ્ત્રીઓ પરની શાસકવૃત્તિનો અંત લાવી શક્યા નથી ! માત્ર વેસ્ટર્ન કપડાં પહેરવાથી કે નોકરી કરવાથી મોર્ડન બની શકાતું નથી પરંતુ, રૂઢિગત પરંપરાનો વિસ્તાર કરી શકીએ તો જ સંપૂર્ણપણે આધુનિક બની શકાય. આધુનિકતાના આ દોરમાં લાગણી અને ભાવનાઓના મૂલ્યને જો નજરઅંદાજ કરવામાં આવશે તો તેના ગંભીર પરિણામો આપણે સૌએ ભોગવવા પડશે ! સ્ત્રી ગમે તેટલી આધુનિક કે સ્વાવલંબી હોય તેનામાં રહેલી ઋજુતા અને ભાવનાશીલ તેને કઠોર નિર્ણયો લેતા અટકાવે છે ! સ્ત્રી-પુરુષ બંને હાથમાં હાથ પરોવીને સંસારજીવનનો રથ ચલાવતા હોય ત્યારે કુટુંબની સંવાદિતતા ન ખોરવાય તે પણ અત્યંત અગત્યની બાબત છે ! ઘરમાં વડીલોના અભાવે માતા-પિતાએ જ હવે બાળકોને ધાર્મિક શિક્ષણ અને આધ્યાત્મિક વિચાર વારસાનો પરિચય કરાવવો પડશે ! નિયમિતરુપે અભ્યાસ, રમતગમત અને મોબાઇલ activities માંથી સમય કાઢીને ઘરસભા કે પ્રાર્થનાસભાની શરુઆત કરવી જોઇએ ! અથવા તો સવારે અને સાંજે જમવા માટે ઘરના તમામ સભ્યો સાથે મળીને ટીવી, મોબાઇલ કે રેડિયો એ સર્વોનો ત્યાગ કરીને એકબીજા સાથે વાતો કરતાં કરતાં તેમજ દિવસ દરમિયાન પોતાના થયેલા અવનવા અનુભવો એકબીજા સાથેની આપ-લે કરતાં કરતાં જમે તો ભોજન તો સ્વાદિષ્ટ લાગશે જ પણ પરિવારમાં પણ એક પ્રકારનું સુંદર સાયુજ્ય જળવાયેલું રહેશે !

વિનોભા ભાવે લખે છે તેમ, ''પરમેશ્વર એક ઉત્તમ કલાકાર છે. તે કોઇ દિવસ રદ્દી ચિત્ર દોરતો નથી. ઉત્તમ કારીગર ઉપરાંત તે આપણો પરમ પિતા પણ છે. તો શું કોઇ બાપ પોતાના બાળક માટે દુઃખમય સૃષ્ટિ પેદા કરે કે ? એક સાધારણ બાપ એવું ન કરે, તો પરમપિતા પ્રભુ તો એવું કરે જ શી રીતે ? તેણે તો આપણા માટે આનંદમય સૃષ્ટિ નિર્માણ કરી છે. પણ આપણું સામર્થ્ય અદ્‌ભૂત છે. આપણે આનંદમાંથી પણ દુઃખ પેદા કરી લઇએ છીએ. એનાથી વધારે બહાદુર અને કૌશલ્ય બીજાં કયાં ગણી શકાય ?'' આપણે ધ્યાનથી અભ્યાસ કરીએ તો આપણને ચોક્કસ સમજાશે કે મોટાભાગની સમસ્યાઓ આપણે જાતે જ ઊભી કરેલી હશે ! અને ત્યારબાદ સમસ્યાનો સામનો કરવાને બદલે કયારેક પીછેહઠ કરીએ તો કયારેક નાસીપાસ થઇ જઇએ છીએ. પરંતુ, આપણે હંમેશા એ બાબત યાદ રાખવી જોઇએ કે રાત્રી ગમે તેટલી અંધકારથી ઘેરાયેલી અને લાંબી હોય પરંતુ, પ્રભાતનો પ્હોર થતાંની સાથે જ સૂરજના કિરણો આ અંધકારને વીંધી જીવનને પ્રજ્જવલિત કરી નાખે છે ! એ જ જીવનનું સનાતન સત્ય છે ! માટે ગમે તેટલી ખરાબ પળમાં પણ હારી ન જતાં માત્ર પ્રભાતની પ્રથમ કિરણ - આશારુપી કિરણની પ્રતિક્ષા કરીએ તો જીવનની ગમે - તે તકલીફોનો આસાનીથી સામનો કરી શકાય ! ભૂતકાળમાં બની ગયેલી ખરાબ ક્ષણોને ન વાગોળતાં તેમજ જીવનમાં થયેલી ગંભીર ભૂલોના પશ્ચાતાપના ભાર હેઠળ દબાયેલા ન રહેતાં, બધું ભૂલીને નવું જીવન શરુ કરવાનો પ્રયત્ન કરીએ તો જીવનને હંમેશ ખુશહાલ થઇને જીવી શકીશું ! ભૂલ ગમે તેટલી અક્ષમ્ય કે ભયંકર હોય પરંતુ, તે ભૂલ થઇ છે એવી સ્વીકૃતિ થતાં જ આપણે તેને સુધારી લઇએ તો તેમાંથી આપણે જલ્દી બહાર આવી શકીએ છીએ ! વાલિયો લૂંટારો જો વાલ્મિકી ઋષિ બની શકે તો આપણે શા માટે કોઇ એક ભૂલ માટે આખું જીવન તેના નકારાત્મક વિચારોથી ભરી દઇએ ? નવી સવારે નવી શરુઆત કરીને આગળ બનેલી ભૂલ ફરી ન થાય તે રીતે જીવનનું અંતિમ લક્ષ્ય છે !

**Last Seen :**

**વીણતા રહ્યાં ખુશી જિંદગીભર,**
**ખોબા ભરી ભરી રહી બેખબર,**
**કાણાં કેટલાં હતાં હથેળી માંહી**
**સંગાથ ભાવભીનાં કેટલાય નકાર્યા,**
**રુક્ષતાએ અવારનવાર**
**કે હૈયે મદ ચઢ્યો હતો ,**
**અતિરેકી ઘમંડી પરિવાર....!**

**''નિમિષ''**

- nehalgadhavi101@gmail.com

# ડિપ્રેશનમાં જ્યારે પતિ પોતાની પત્નીને હૂંફ આપે: એક પ્રેરક અને રસપ્રદ કિસ્સો

**નવી સવાર**
**રમેશ તન્ના**

કુદરતે સ્ત્રીને માતા બનવાનું વરદાન આપ્યું છે તો સાથે સાથે ઘણી પીડા પણ આપી છે. કિશોર વયે તે ઋતુકાળમાં આવે અને ચાલીસી પછી મેનોપોઝ પીરિયડમાં આવે. આ બંને સમયકાળ ખૂબ જ સંવેદનશીલ હોય છે. એ વખતે સ્ત્રી માત્ર શારીરિક જ નહીં, માનસિક પીડા પણ અનુભવતી હોય છે. એ વખતે પરિવારે અને સમાજે તેને ખૂબ જ સાચવી લેવી પડે છે. મેનોપોઝમાં તો ઘણી બહેનો ક્યારેક આત્મહત્યા પણ કરી લેતી હોય છે. આપણા સમાજમાં હજી મેનોપોઝ અંગે જોઈએ તેટલી જાગૃતિ નથી. અમદાવાદનાં ડોક્ટર કલાબહેન શાહે વર્ષો પહેલાં પહેલ કરીને, પોતાના જીવનસાથી ડો. અશોક શાહના પરામર્શન અને સહયોગથી વિશ્વની સૌથી પહેલી મેનોપોઝ ક્લબ શરુ કરી હતી. આ ક્લબે ગુજરાત ઉપરાંત અમેરિકામાં પણ ઘણું કામ કર્યું છે. જોકે, કામની જરુરિયાત અને વ્યાપ જોતા હજી ઘણું કામ કરવાનું છે.

નવી સવારના વાચક મિત્રો સમક્ષ આજે એક રસપ્રદ અને પ્રેરક કિસ્સો વહેંચવો છે.

અમદાવાદમાં હિંમતસિંહ રાઠોડ નામના એડવોકેટ અને નોટરી રહે છે. ખૂબ જ નમ્ર, મિલનસાર અને પૂરું આભિજાત્ય ધરાવતા સદ્‌ગૃહસ્થ. તેમનાં જીવનસાથીનું નામ રાજેશ કંવર. થોડા વર્ષો પહેલાં અચાનક એવું થયું કે રાજેશબહેન ખૂબ જ ગમગીન રહેવા લાગ્યાં. કોઈ પણ કારણ વગર રડવા લાગ્યાં. તેમના જીવનસાથી હિંમતસિંહને થયું કે કશુંક થયું છે. એ વખતે તેઓ વતન રાજસ્થાનમાં ટ્રેનમાં ગયાં તો તેઓ ટ્રેનમાં સતત રડ્યા જ કરે. સગાં-વહાલાંઓએ કહ્યું કે, કોઈ વડગાડ છે. ભૂવા કે તાંત્રિકને બતાવો. જોકે, હિંમતસિંહજી આવા બધામાં માને નહીં. તેમણે પોતાના ડોકટર મિત્ર ભાસ્કરભાઈ ભટ્ટને ઘરે બોલાવ્યા. ભાસ્કરભાઈ હોમિયોપેથીની પ્રેક્ટિસ કરે છે. તેમણે કહ્યું કે, રાજેશબહેન ડિપ્રેશનમાં આવી ગયા છે. તેનું કારણ મેનોપોઝ પણ હોઈ શકે.



ડૉકટરે સૂચના આપી કે, તેમને એકલાં ના છોડશો. હવે હિંમતસિંહને તો ઓફિસે જવાનું હોય. જોકે તેમણે રસ્તો કાઢ્યો. તેમણે પોતાનાં જીવનસાથી રાજેશબહેનને ઓફિસે લઈ જવાનું ચાલુ કર્યું. સતત દોઢ વર્ષ સુધી તેઓ આ રીતે તેમને ઓફિસે લઈ ગયા. જમવાનું શું ? મીઠાખળી ગામમાં એક ટિફિન આપતી ઘરઘરાઉ વ્યવસ્થા હતી. દોઢ વર્ષ સુધી તેમણે ટિફિન બંધાવી દીધું. સવારે અને સાંજે તેઓ પોતાનાં જીવનસાથી સાથે ત્યાં જઈને ટિફિન લઈ આવતા હતા. ટિફિન ત્રણ વ્યક્તિનું લાવવાનું. તેમને દિગ્પાલ નામનો દીકરો પણ છે. (હવે તો તે પરણી ગયો છે, તે પણ એડવોકેટ છે, પુત્રવધૂ ભાવિના કંવર આર્કિટેક્ટ છે) હિંમતસિંહજીએ નક્કી કર્યું હતું કે જ્યાં સુધી પોતાનાં જીવનસાથી ડિપ્રેશનમાંથી સંપૂર્ણ રીતે બહાર નહીં આવી જાય ત્યાં સુધી તેઓ તેમને એક પણ મિનિટ માટે એકલાં નહીં છોડે.

આ છે સાચો પતિ ધર્મ. આ છે સાચો લગ્ન સંસ્થાનો મર્મ. આ છે સાચો સમાજ ધર્મ.

હિંમતસિંહજીએ નાજૂક સમયમાં પોતાનાં જીવનસાથીને પૂરો સાથ આપ્યો. હિંમત આપી. હૂંફ આપી. એકબાજુ દવાઓ ચાલુ હતી અને બીજી બાજુ પ્રેમ અને કાળજીથી ભરેલું સ્વસ્થ અને તંદુરસ્ત વાતાવરણ હતું. ધીમે ધીમે રાજેશબહેન સાજાં થતાં ગયાં. દોઢ વર્ષમાં તેઓ ડિપ્રેશનમાંથી એકદમ બહાર આવી ગયાં.

રાજેશબહેન કહે છે, મારા સાહેબે અને દીકરાએ મને પૂરેપૂરો સપોર્ટ કર્યો. તેમના સહયોગને કારણે જ હું બહાર આવી. મારા સાહેબ મને એક પણ મિનિટ એકલી છોડતા નહોતા. મને દવાનો લાભ થયો તેના કરતા વધારે લાભ પરિવારના સહયોગનો થયો.

હિંમતસિંહજીને આપણે તેમની આ ભાવના માટે અભિનંદન આપીએ તો તેઓ હસી પડે છે અને કહે છે કે, મેં તો એ જ કર્યું જે મારે કરવું જોઈએ. હિંમતસિંહજી અત્યંત સૌજન્યશીલ વ્યક્તિ છે. તેઓ બીજાના વિશે પહેલો વિચાર કરે છે. તેમનું જીવન જ એવું છે કે કાયમ જરુરિયાતમંદવાળા લોકોને સામેથી મદદ કરવા દોડે.

આપણા સમાજમાં ઋતુકાળમાં અને મેનોપોઝમાં આવતી બહેનોની માનસિકતા વિશે ખૂબ જ ઓછી જાગૃતિ છે. હોર્મોન્સમાં આવતા અણધાર્યા અને અચાનક ફેરફારોને કારણે બહેનો ખૂબ જ પીડા અનુભવતી હોય છે. એમને પોતાને ખબર નથી હોતી કે કયા કારણથી તેમને પીડા થાય છે. આ બંને સમયકાળ સ્ત્રીઓ માટે સંવેદનશીલ અને નાજૂક હોય છે. જો પરિવારજનોનો સહયોગ ન મળે તો તેઓ વધારે હેરાન થાય છે. ક્યાંક ક્યાંક તો સહયોગને બદલે તેમને હેરાન-પરેશાન કરાય છે. આ સમયગાળામાં તેમની પાસે વધારે કામ કરાવાય છે. આ વૃત્તિ બદલવાની જરુર છે. હિંમતસિંહજી રાઠોડનું પ્રેરક ઉદાહરણ આપણને પ્રેરણા આપે છે કે આપણે આપણી બહેનોની કાળજી લેવાની છે. તેમને સાચવવાની છે.

**છાંયડોઃ**

સ્ત્રી પોતાને જે પ્રેમ આપે તેને તો પ્રેમ આપે જ છે, પરંતુ જે તેની કાળજી રાખે તેને તે વિશેષ પ્રેમ આપે છે. સ્ત્રી પ્રેમ અને કાળજી બંનેની ભૂખી હોય છે.